सी डैक
CDAC
Gist

રાષ્ટ્રીય પહેલ અંતર્ગત
આપના માટે તદ્દન મફત

सत्यमेव जयते

टी डी आई एल
TDIL

ગુજરાતી



User Manual

# ગુજરાતી સોફ્ટવેર ટુલ્સ

# Gujarati Software Tools

Linux Only

Brought to you, free of cost under National initiative

ભારત સરકારના પ્રસારણ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા જાહેર

RELEASED BY
Technology Development for Indian Languages Programme,
Department of Electronics & Information Technology,
Ministry of Communications & Information Technology, Government of India

## DISCLAIMER:

BEFORE WE GET STARTED PLEASE READ, UNDERSTAND AND AGREE TO THE FOLLOWING DISCLAIMER.

THESE SOFTWARE'S ARE FOR FREE USAGE THESE SOFTWARE'S ARE PROVIDE AS IS AND ANY EXPRESSED OR IMPLIED WARRANTIES, INCLUDING, BUT NOT LIMITED TO, THE IMPLIED WARRANTIES OF MERCHANTABLY AND FITNESS FOR A PARTICULAR PURPOSE ARE DISCLAIMED. IN NO EVENT SHALL THE COPYRIGHT HOLDER BE LIABLE FOR ANY DIRECT, INDIRECT, INCIDENTAL, SPECIAL, EXEMPLARY, OR CONSEQUENTIAL DAMAGES( INCLUDING, BUT NOT LIMITED TO, PROCUREMENT OF SUBSTITUTE GOODS OR SERIVIES; LOSS OF USE, DATA, OR PROFITS; OR BUSINESS INTERRUPTION) HOWEVER CAUSED AND ON ANY THEORY OF LIABILITY, WHETHER IN CONTACT, STRICT LIABILITY, OR INCLUDING NEGLIGENCE OR OTHERWISE ARISING IN ANY WAY OUT OF THE USE OF THIS SOFTWARE, EVEN IF ADVISED OF THE POSSIBILITY OF SUCH DAMAGE.

THE COPYRIGHTS OF THE RESPECTIVE PRODUCTS ARE HELD BY C-DAC.

**[નોંધ: - આ પરિચય પુસ્તિકાનું સંકલન વિવિધ સ્રોત પર ઉપલબ્ધ માહિતીની મદદથી કરવામાં આવ્યું છે અને સ્રોતની યાદી પુસ્તિકાના અંતે આપવામાં આવી છે. પુસ્તિકાનો હેતુ પ્રાથમિક હેતુઓ માટે મદદરૂપ થવાનો છે, નહીં કે વિસ્તૃત કે ઊંડાણપૂર્વકની માહિતી રજૂ કરવાનો.]**

**અનુક્રમણિકા:**


I. લેંગ્વેજ સીડીની વિગતોની પ્રસ્તાવના.
II. સીસ્ટમની જરૂરિયાત.
III. લેંગ્વેજ સીડીમાં સોફ્ટવેર કેવી રીતે ઇન્સ્ટોલ કરવું.
IV. લેંગ્વેજ સીડીમાં સોફ્ટેવર્સનું સંક્ષિપ્ત વિવરણ.
V. વિશેષ વાંચન અને સહાય.


## I. લેંગ્વેજ સીડીની વિગતોની પ્રસ્તાવના.

ગુજરાતી સીડી વિવિધ સોફ્ટવેરનો સેટ છે, જે તમને ભારતીય ભાષાઓમાં વિવિધ કામગીરી કરવા સક્ષમ બનાવે છે. યુઝર્સ (વપરાશકર્તા)ની અનુકૂળતા માટે સીડીમાં સોફ્ટવેર્સને ત્રણ કેટેગરીમાં વિભાજીત કરવામાં આવ્યાં છે: 1) ડેસ્કટોપ યુઝર્સ માટે ટૂલ્સ 2) ઈન્ટરનેટ યુઝર્સ માટે ટૂલ્સ અને 3) અન્ય યુટિલિટિસ.

ગુજરાતી ભાષામાં વિગતો બનાવવા માટે, ડેસ્કટોપ વપરાશ માટે ટૂલ્સ, વપરાશકર્તા ધ્વારા જરૂરી મૂળભૂત ટૂલ્સ સમાવે છે. દરરોજ ઓફિસ ઉપયોગ અથવા દસ્તાવેજીકરણ હેતુ માટેના સોફ્ટવેરને લિબ્રે ઓફિસ કહેવાય છે.

"ટૂલ્સ ફોર ઈન્ટરનેટ યુઝર્સ" માં સોફ્ટવેર્સનો સેટ સામેલ છે, જેનો ઉપયોગ ઈન્ટરનેટ એક્સેસ ધરાવતા અને ઈન્ટરનેટના વપરાશ વિશે કેટલીક મૂળભૂત બાબતોથી પરિચિત યુઝર્સ કરી શકે છે. આ સોફ્ટવેર્સના સેટમાં "મોઝિલા ફાયરફોક્સ" નામનું લોકલ લેંગ્વેજ ઓપન સોર્સ વેબ બ્રાઉસર, ઈમેઈલ્સ (ઈમેલ્સ ક્લાયન્ટ) મોકલવા અને મેળવવા માટેનું સોફ્ટવેર "મોઝિલા થન્ડરબર્ડ" અને

ઈન્ટરનેટ પર અન્ય લોકો સાથે ચેટિંગ કરવા માટેનું સોફ્ટવેર "પિડગિન" સામેલ છે.
"અધર યુટિલિટિસ" માં એકાઉન્ટિંગ સોફ્ટવેર "ગ્નૂકેશ", ગ્રાફિક ડિઝાઇન સોફ્ટવેર " ઈન્કસ્કેપ ", બાળકો માટે ડ્રોઇંગ સોફ્ટવેર " ટક્સપેઈન્ટ " અને કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ "જૂમ્લા" સામેલ છે.
લેંગ્વેજ સોફ્ટવેર સીડીમાં આપવામાં આવેલા સોફ્ટવેર્સનો ઉપયોગ કરીને નીચેની કામગીરીઓ કરી શકાય છે.

1. લિબ્રે ઓફિસ, નોટપેડ, એમએસ ઓફિસ કે યુનિકોડમાં કામ કરી શકાય તેવી અન્ય કોઈ પણ એપ્લિકેશન્સનો ઉપયોગ કરીને ગુજરાતી ભાષામાં ડેટા/કન્ટેન્ટ બનાવી શકાય છે.
2. ગુજરાતી ભાષામાં ઈમેઈલ્સ મોકલી શકાય છે.
3. ઈન્ટરનેટ પર અન્ય યુઝર્સ સાથે ગુજરાતી ભાષામાં ચેટ કરી શકાય છે.
4. તમે વિવિધ વેબસાઈટ્સ બ્રાઉસ કરી શકો છો અને વેબ બ્રાઉસરનો ઉપયોગ કરીને ઈન્ટરનેટ સંબંધિત અન્ય પ્રવૃત્તિ કરી શકો છો.
5. અંગત ઉપયોગ, નાના કદના ઉદ્યોગો/સંગઠનો માટે એકાઉન્ટિંગ માહિતી જાળવી શકાય છે.
6. તમામ પ્રકારના ગ્રાફિક્સ બનાવી અને ડીઝાઇન કરી શકાય છે.
7. બાળકો કેટલાંક રમૂજી ચિત્રો અને પીક્ચર્સ બનાવવા સોફ્ટવેરનો ઉપયોગ કરી શકે છે.
8. તમે ભારતીય ભાષાઓમાં સરળથી લઈને અત્યંત શક્તિશાળી વેબસાઈટ્સ બનાવી શકો છો.

## II. સિસ્ટમની જરૂરિયાતો

લેંગ્વેજ સીડીમાં આપવામાં આવેલા સોફ્ટવેર, નીચે આપેલ ઓપરેટિંગ સિસ્ટમ્સને આધાર આપે છે.

- P 4 2.0 GHz પ્રોસેસર
- 512 MB RAM
- 3 GB એચડીડી ફ્રી સ્પેસ

- સીડી રોમ ડ્રાઈવ
- ઉબુંટૂ 11.04 (32- બિટ)

## III. લેંગ્વેજ સીડી કેવી રીતે સ્થાપિત કરવી.

1. કૃપા કરી સીડી રોમ ડ્રાઈવમાં સીડી નાંખો અને, સીડીની વિગતો તપાસો અને Index.htm પર બે વાર ક્લિક કરો.
2. તમારા કમ્પ્યુટર પર નીચે મુજબ સ્ક્રીન દેખાશે.




3. ચાલુ રાખવા માટે આગળ વધો બટન પર ક્લિક કરો અને આગળની સ્ક્રીન પર જાઓ. નીચેની સ્ક્રીન દેખાશે.




4. વપરાશકર્તા વિગતો/DETAILS બટન પર ક્લિક કરીને સીસ્ટમ આવશ્યકતાઓ વાંચી શકે છે.
5. સ્થાપક ફાઈલ ડાઉનલોડ કરવા 'ડાઉનલોડ/DOWNLOAD' બટન પર ક્લિક કરો
6. ફાઈલ ડાઉનલોડ થઈ હોય તે જગ્યા પર જાવ અને ફાઈલ એક્સટ્રેક્ટ કરો.
7. એક્સટ્રેક્ટ ડિરેક્ટરી પર જાવ અને ટર્મિનલમાં 'start.sh' રન કરો. (વપરાશકર્તાની મંજૂરી સાથે start.sh નો અમલ કરો અને સ્થાપક પૂછે ત્યારે સુપર-યુઝર વિશ્વસનિયતા પૂરી પાડો.)




8. એક મેનુ દેખાશે, ડેસ્કટોપ ટૂલ્સ, ઈન્ટરનેટ ટૂલ્સ અને/અથવા યુટિલિટિઝમાંથી પસંદ કરી ઈન્સ્ટોલેશનમાં આગળ વધો.



**નોંધ: સ્થાપન માટે જરૂરી મૂળભૂત જરૂરિયાતો નહીં હોય તો સ્થાપકને ઇન્ટરનેટ કનેક્શનની જરૂર પડી શકે છે.**

ઉબુંટુ લિનક્સ માટે ઇન્ટિગ્રેટેડ સ્થાપકમાં ફેરફાર કરેલ છે જ્યારે ટૂલ્સની સ્થાપના ડેબીઅન લિનક્સ, બોસ અથવા લિનક્સ મીન્ટ ડેબીઅન આવૃત્તિ પર કરવા વ્યક્તિગત સ્થાપન પસંદ કરવું જોઇએ.

## વ્યક્તિગત સ્થાપન અને રૂપરેખા

### ફોન્ટ્સ

ઉત્તમ કામગીરી માટે આ શ્રેણી સી-ડેક (જીઆઇએસટી) ફોન્ટ્સ (સી-ડેક જીઆઇએસટીની લાઇસન્સ શરતોની પૂર્તતા) દાખલ કરે છે. ફોન્ટ્સ સ્થાપિત કરવા GIST-Fonts.tar.gz અન્ટાર કરો અને ટર્મિનલમાં install.sh ફાઇલ અન્ટાર કરો.

### ડેસ્કટોપ ટૂલ્સ

આ શ્રેણીમાં લેંગ્વેજ સપોર્ટ સાથે લિબ્રેઓફિસ સામેલ છે. લિબ્રેઓફિસ અન્ટાર કમ્પ્રેસ્સડ ફાઇલ સ્થાપિત કરવા અને ટર્મિનલમાં install.sh ફાઇલ રન કરો.

યુઝર એપ્લિકેશન > ઓફિસ મારફતે લિબ્રેઓફિસનો ઉપયોગ કરી શકે છે.

લેંગ્વેજ પેક સક્ષમ બનાવવા લિબ્રેઓફિસ શરૂ કરો અને Tools > Options > Language Settings > Languages > User Interface જાઓ તેમજ સ્થાપિત થયેલી નવી ભાષા પસંદ કરો અને લિબ્રેઓફિસ પુન:પ્રારંભ કરો.

### ઇન્ટરનેટ ટૂલ્સ

આ શ્રેણી ઇન્ટરનેટ બ્રાઉસર:મોઝિલા ફાયરફોક્સ, ઇમેઇલ ક્લાયન્ટ: કેલેન્ડર પ્લગિન સાથે મોઝિલા થન્ડરબર્ડ અને ચેટિંગ મેસેન્જર:પિડગિન ધરાવે છે.

મોઝિલા ટૂલ્સ અન્ટાર કમ્પ્રેસ્સડ ફાઇલ સ્થાપિત કરવા અને ફાયરફોક્સ કે થન્ડરબર્ડ રન કરવા આ

પ્રકારના કોઈ સ્થાપનની જરૂર નથી. /home/$USER/Internet-Tools પર મોઝિલા ફાયરફોક્સ અને થન્ડરબર્ડ ઈન્સ્ટોલ થાય છે. ઉપરાંત વપરાશકર્તા થન્ડરબર્ડમાં મેનેજ એડ-ઓન્સ મારફતે લાઈટનિંગ /home/$USER/Internet-Tools/lightning-1.7-sm+tb.xpi સ્થાપિત કરી શકે છે.

પિડગિન અન્ટારને અનુસરે છે અને install.sh પગલાંઓ અનુસરો. પિડગિન શરૂ કરવા પિડગિન ડેસ્કટોપ શોર્ટકટનો ઉપયોગ થઈ શકે છે, જે અનઈન્સ્ટોલર સ્ક્રિપ્ટનો ઉપયોગ કરીને અનઈન્સ્ટોલ થઈ હોય તો જ દૂર કરી શકાય છે.

**યુટિલિટિઝ**

આ શ્રેણી એકાઉન્ટિંગ સોફ્ટવેર: ગ્નૂકેશ, ઈમેર્જિંગ સોફ્ટવેર: ઈન્કસ્કેપ, ડ્રોઇંગ સોફ્ટવેર: ટક્સપેઈન્ટ અને વેબ એપ્લિકેશન સીએમએસ: લેમ્પ સર્વર સાથે જૂમ્લા ધરાવે છે. તમામ ટૂલ્સ અન્ટારને અનુસરે છે અને install.sh પગલાંઓ રન કરે છે.

ગ્નૂકેશ, ઈન્કસ્કેપ અને ટેક્સપેઈન્ટ શરૂ કરવા અનુક્રમે ગ્નૂકેશ, ઈન્કસ્કેપ અને ટક્સપેઈન્ટ ડેસ્કટોપ શોર્ટકટનો ઉપયોગ કરી શકે છે, જે ઈન્સ્ટોલર સ્ક્રિપ્ટનો ઉપયોગ થઈ અનઈન્સ્ટોલ થયું હોય તો દૂર થઈ શકે છે.

**જૂમ્લા સ્થાપન માટે સૂચનો**:

1. **જૂમ્લા ડિરેક્ટરીમાં જાઓ અને આદેશ ઈશ્યુ કરો**....

$ ./install.sh

આ /opt/lampp પર લેમ્પ સર્વર સ્થાપિત કરશે. સ્ટાર્ટ, સ્ટોપ, ચેક સ્ટેટ્સ, રિસ્ટાર્ટ અને હેલ્પ માટે વપરાશકર્તા ઈશ્યૂ કરી શકે છે:

```
$ sudo /opt/lampp/lampp start
$ sudo /opt/lampp/lampp stop
$ sudo /opt/lampp/lampp restart
$ sudo /opt/lampp/lampp help
```

2. **જૂમ્લા સ્થાપિત કરો**

તમારા બ્રાઉસરને http://localhost/joomla પર ચિન્હિત કરો અને જૂમ્લા સ્થાપિત કરવા ઓનસ્ક્રીન સૂચનો અનુસરો.

**3. જૂમ્લા લેંગ્વેજ પેક સ્થાપિત કરો...**

જૂમ્લા સ્થાપન પૂર્ણ થાય પછી વહીવટકર્તા પેનલમાં લોગિન કરો.
લેંગ્વેજ પેક સ્થાપિત કરવા એક્સટેન્શન્સ પર જાઓ અને 'ઇન્સ્ટોલ ફ્રોમ ડિરેક્ટરી'માં પછીની વેલ્યુ પૂરી પાડો...
/opt/lampp/htdocs/joomla/tmp

આ જૂમ્લા માટે લેંગ્વેજ પેક સ્થાપિત કરશે
લેંગ્વેજ પેક સક્રિય કરવા એક્સટેન્શન્સ > લેંગ્વેજ મેનેજર પર જાઓ અને મૂળભૂત તરીકે નવી સ્થાપિત ભાષા પસંદ કરો.

**4. ઓનસ્ક્રીન ચેતવણીઓ/ભૂલો નિષ્ક્રિય કરવા**

/opt/lampp/etc/php.ini ફાઇલમાં લાઇન 'error_reporting = E_ALL | E_STRICT' કમેન્ટ કરો અને લેમ્પ સર્વર પુન:પ્રારંભ કરો.

## IV. લેંગ્વેજ સીડીમાં સોફ્ટવેર્સનું સંક્ષિપ્ત વિવરણ:

### A. ડેસ્કટોપ વપરાશ માટે ટૂલ્સ:

આ સેટઅપ તમારા કમ્પ્યુટર મશીન પર કુલ 53 ફોન્ટ્સ ધરાવતા સિંગલ સકલભારતી ફોન્ટ સાથે ત્રણ સોફ્ટવેર " યુનિકોડ ટાઈપિંગ ટૂલ", "લોકલાઈઝડ વર્ઝન ઓફ લિબ્રે ઓફિસ" અને "ટૂ ઓપન ફોન્ટ ફોર્મેટ ફોન્ટ્સ પર લેંગ્વેજ " ને ઈન્સ્ટોલ કરશે.

**આ સુયોજન લિબ્રે ઓફિસની સ્થાનીયકૃત આવૃત્તિ સ્થાપિત કરશે.**
**લિબ્રે ઓફિસ (ઓફિસ સોફ્ટવેર)નું ગુજરાતી વર્ઝન**

લિબ્રે ઓફિસ અન્ય વ્યાવસાયિક રીતે ઉપલબ્ધ ઓફિસ સોફ્ટવેર્સ જેવું ફ્રી અને ઓપન સોર્સ ઓફિસ સોફ્ટવેર છે. તેમાં વર્ડ પ્રોસેસિંગ (રાઈટર), સ્પ્રેડશીટ એપ્લિકેશન (કેલ્ક), પ્રેઝન્ટેશન સોફ્ટવેર (ઈમ્પ્રેસ), ડેટાબેઝ એપ્લિકેશન (બેઝ), ડ્રોઇંગ સોફ્ટવેર (ડ્રો) અને ગાણિતિક ફોર્મ્યુલા

બનાવવા એપ્લિકેશન (મેથ) માટેના કમ્પોનેન્ટ્સ છે.
કોઈ પણ યુઝરે શા માટે લિબ્રે ઓફિસનો ઉપયોગ કરવો જોઈએ કે તેના તરફ શા માટે વળવું જોઈએ તેના ફાયદા નીચે મુજબ છે:

1. તમામ મેનુ, મેસેજીસ અને અન્ય જીયુઆઇ કમ્પોનેન્ટ્સ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે.
2. યુઝર સિંગલ બટન ક્લિક સાથે .PDF તરીકે ફાઈલ્સ એક્સપોર્ટ કરી શકે છે.
3. દુનિયામાં સંતુષ્ટ લિબ્રે ઓફિસ યુઝર્સની મોટી સંખ્યા છે.
4. આ ફ્રી છે - લાઈસન્સ ખર્ચ કે વાર્ષિક ફીની ચિંતા કરવાની જરૂર નથી.
5. આ સોફ્ટવેર ભારતીય ભાષાઓ સહિત જુદી જુદી ભાષાઓમાં ઉપલબ્ધ છે.
6. તમે કોઈ પણ ચિંતા કર્યા વિના તેનો ઉપયોગ કરી શકો છો, હેક કરી શકો છો અને કોપી કરી શકો છો. તેનું વિતરણ એલજીપીએલ પબ્લિક લાઈસન્સ હેઠળ થાય છે.
7. ઉપયોગમાં કરવામાં સરળ છતાં શક્તિશાળી ઈન્ટરફેસ જેથી અંગત બનાવવું સરળ છે.
8. તમામ મુખ્ય હરિફોની ફાઇલ ફોર્મેટ્સ સાથે સ્પર્ધા કરવા સક્ષમ. તમે માઈક્રોસોફ્ટ વર્ડ, એક્સેલ અને પાવર પોઈન્ટ અને અન્ય અનેક ફોર્મેટ્સમાંથી ફાઇલ્સને સરળતાથી ઈમ્પોર્ટ કરી શકો છો તેમજ જરૂર પડે ત્યારે માઈક્રોસોફ્ટ ઓફિસ અને અન્ય ફોર્મેટ્સમાં સરળતાથી સેવ કરી શકો છો.




## લિબ્રે ઓફિસ તમને શું આપે છે?

રાઈટર એ લિબ્રેઓફિસની અંદર વર્ડ પ્રોસેસર છે. ઝડપથી પત્ર લખવાથી લઈને અનુક્રમણિકા સહિત સંપૂર્ણ પુસ્તક બનાવવા, ચિત્રો, ગ્રંથસૂચિ અને ડાયાગ્રામ્સ જોડવા જેવી તમામ કાર્ય માટે ઉપયોગી છે. તમે ટાઈપ કરો ત્યારે ઓટો-કમ્પ્લેશન, ઓટો-ફોર્મેટિંગ અને ઓટોમેટિક સ્પેલિંગ ચેકિંગથી મુશ્કેલ કાર્ય સરળ બને છે (પણ તમે ઈચ્છો તો નિષ્ક્રિય કરવું સરળ છે). રાઈટર એકથી વધુ કોલમના ન્યૂસલેટર્સ અને બ્રોશર્સ જેવી ડેસ્કટોપ પબ્લિશિંગ કામગીરીઓ હાથ ધરવા પૂરતું સક્ષમ છે. તમારી કલ્પના જ મર્યાદા છે.




કેલ્ક તમારા આંકડાઓને કાબૂમાં રાખે છે અને તમે વિકલ્પો પર ભાર મૂકો છો ત્યારે મુશ્કેલ ગણતરીઓમાં મદદ કરે છે. કેલ્ક સાથે તમારી આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરો અને પછી તમારું અંતિમ ઉત્પાદન રજૂ કરવા તેનો ઉપયોગ કરો. તમારા તારણોને સમર્થન આપવા અને પારદર્શકતા લાવવા માટે ચાર્ટ્સ અને એનાલિસીસ ટૂલ્સ મદદરૂપ છે. સંપૂર્ણપણે જટિલ ફોર્મ્યુલાઓનું કામ સરળ બનાવવા સંપૂર્ણપણે સંકલિત હેલ્પ સિસ્ટમ ઉપયોગી છે. એસક્યુએલ કે ઓરેકલ જેવી બહારના ડેટાબેઝમાંથી ડેટા ઉમેરો, તેનું વર્ગીકરણ કરો અને આંકડાકીય વિશ્લેષણો રજૂ કરવા તેને ફિલ્ટર કરો. લાઈન, એરિયા, બાર, પાઈ, એક્સ-વાય અને નેટ સહિત 13 કેટેગરીમાંથી મોટી સંખ્યામાં 2D અને 3D ગ્રાફિક્સ રજૂ કરવા ગ્રાફિંગ ફંકશન્સની સુવિધા છે. આ માટે ગ્રાફિક્સની કેટેગરીમાં અનેક વિકલ્પો ઉપલબ્ધ છે અને તમારા પ્રોજેક્ટને અનુકૂળ વિકલ્પ મળી જશે તેની ખાતરી છે.




ઈમ્પ્રેસ અસરકારક મલ્ટિમીડિયા પ્રેઝન્ટેશન્સ કરવા ઝડપી અને સરળ વિકલ્પ છે. આકર્ષક એનિમેશન અને ઉત્તેજનાત્મક સ્પેશયલ ઈફેક્ટ્સ તમારા લક્ષિત વર્ગને તમારી વાત ગળે ઉતારવામાં મદદરૂપ છે. તમે પ્રમાણભૂત પ્રેઝન્ટેશન્સથી વધુ વ્યાવસાયિક પ્રેઝન્ટેશન તૈયાર કરી શકો છો. થોડું અલગ પ્રેઝન્ટેશન કરીને તમારા સાથીદારો અને ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન આકર્ષી શકો છો.



ડ્રોની મદદથી તમે ડાયાગ્રામ્સ અને સ્કેચ બનાવી શકો છો. એક ચિત્ર હજારો શબ્દોની ગરજ સારે છે એટલે બોક્સ અને લાઇન ડાયાગ્રામ્સ સાથે શા માટે પ્રયાસ ન કરવો જોઈએ? અથવા આગળ વધો અને સરળતાથી 3D ચિત્રો બનાવો અને તેને સ્પેશયલ ઇફેકટ્સ આપો. આ સરળ છે, તેમ છતાં તમે ઇચ્છો છો એટલું સક્ષમ પણ છે.

બેઝ એ લિબ્રેઓફિસ સ્યુટનો ડેટાબેઝ ફ્રન્ટ-એન્ડ છે. બેઝ સાથે તમે લિબ્રેઓફિસના અન્ય કમ્પોનેન્ટ્સમાં તમારા હાલના ડેટાબેઝના માળખાને સાતત્યપૂર્ણ રીતે સંકલિત કરી શકો છો અથવા તમારા ડેટાને સ્વતંત્ર એપ્લિકેશન તરીકે ઉપયોગ કરવા અને તેને સંચાલિત કરવા ઇન્ટરફેસ ઊભું કરી શકો છો. તમે ઇમ્પોર્ટેડ અને લિન્ક ટેબલ્સનો તેમજ માયએસક્યુએલ, પોસ્ટગ્રેએસક્યુએલ કે માઈક્રોસોફ્ટ એક્સેસ અને અન્ય અનેક ડેટા સોર્સિસમાંથી ક્વેરીનો ઉપયોગ કરી શકો છે અથવા અત્યાધુનિક ફોર્મ્સ, રિપોર્ટ્સ અને વ્યૂસ સાથે શક્તિશાળી ફ્રન્ટ-એન્ડ્સનું નિર્માણ કરવા બેઝ સાથે તમારી પોતાની ડિઝાઇન બનાવી શકો છો. એચએસક્યુએલ, માયએસક્યુએલ, એડબાસ ડી, માઈક્રોસોફ્ટ એક્સેસ અને પોસ્ટગ્રેએસક્યુએલ તરીકે જાણીતી વ્યાપક રેન્જના ડેટાબેઝ માટે સપોર્ટ બિલ્ટ-ઇન હોય છે કે સરળતાથી ઉમેરી શકાય છે.

મેથ સરળ ઇક્વેશન એડિટર છે, જે તમને તમારા ગાણિતિક, રાસાયણિક, વિદ્યુત કે વૈજ્ઞાનિક સમીકરણો ઝડપથી પ્રમાણભૂત લેખિત પદ્ધતિમાં દર્શાવે છે. એટલું જ નહીં યોગ્ય રીતે દેખાય છે ત્યારે સૌથી જટિલ ગણતરીઓ પણ સમજી શકાય છે. $E=mc^2$.

લિબ્રેઓફિસમાં પીડીએફ ફાઇલ ક્રીએટર સુવિધા હોય છે, એટલે કે તમે ડોક્યુમેન્ટ્સ વહેંચી શકો છે, જે મોટા ભાગના કમ્પ્યુટર કે ઓપરેટિંગ સિસ્ટમમાં યુઝર્સ ખોલી શકે અને વાંચી શકે છે.

## B.ઈન્ટરનેટ વપરાશ માટે ટૂલ્સ

આ સેટઅપ તમારા કમ્પ્યુટર મશીન પર ત્રણ સોફ્ટવેર - મોઝિલા ફાયરફોક્સ વેબ બ્રાઉસર, મોઝિલા થન્ડરબર્ડ ઇમેઇલ ક્લાયન્ટ એન્ડ પિડગિન, મલ્ટિપ્રોટોકોલ મેસેન્જર - ઇન્સ્ટોલ કરશે.

## B.1. ફાયરફોક્સ (વેબ બ્રાઉસર)નું ગુજરાતી વર્ઝન

મોઝિલ ફાયરફોક્સ અત્યંત સક્ષમ ઓપન સોર્સ વેબ બ્રાઉસર છે. આ વેબ બ્રાઉસર હોવાથી એ ઇન્ટરનેટ એક્સપ્લોરર જેવા અન્ય વેબ બ્રાઉસર્સની જેમ તમારી તમામ સમસ્યાઓ ઉકેલી શકે છે.

આ એવું સોફ્ટવેર છે, જે યુઝર્સને ડોક્યુમેન્ટ્સ એક્સેસ, રિટ્રાઈવ અને જોવા સક્ષમ બનાવે છે તેમજ ઈન્ટરનેટ પર અન્ય સ્રોતોનો ઉપયોગ પણ કરી શકે છે. અમે ફાયરફોક્સનું સ્થાનિક વર્ઝન આપીએ છીએ. ક્વિક લોકલ સ્વિચરનો ઉપયોગ કરીને યુઝર અંગ્રેજી અને ગુજરાતી ભાષા વચ્ચે સ્વિચ થઈ શકે છે, જે ફાયરફોક્સમાં પ્લગિન તરીકે રજૂ કરવામાં આવ્યું છે.




## B.2. લાઈટનિંગ પ્લગિન સાથે થન્ડરબર્ડનું ગુજરાતી વર્ઝન (ઈમેઈલ ક્લાયન્ટ)

થન્ડરબર્ડ ફ્રી ઈમેઈલ એપ્લિકેશન છે, જે સેટ અપ અને કસ્ટમાઈઝ કરવું સરળ છે અને તેમાં અનેક ઉત્તમ સુવિધા પણ છે.

1. કોઈ પણ યુઝર આ સોફ્ટવેરને અત્યંત ઝડપથી સરળતાપૂર્વક ઈન્સ્ટોલ કરી શકે છે અને પછી ઈમેઈલ મોકલવા અને મેળવવામાં ઉપયોગી છે.
2. ટેબ્સ અને સર્ચ ફીચર્સ - ટેબ ઈમેઈલ તમને અલગ ટેબ્સમાં ઈમેઈલ લોડ કરવાની સુવિધા આપે છે જેથી તમે ઝડપથી તે બંનેનો ઉપયોગ કરી શકો છો. તમે થન્ડરબર્ડ એપ્લિકેશન છોડ્યા વિના વેબ પર સર્ચ પણ કરી શકો છો.




3. તમારી ઈમેઈલ પસંદગી અનુરૂપ કસ્ટમાઈઝેશન - હજારો એડ ઓન તમને તમારું પોતાનું થન્ડરબર્ડ બનાવવાની છૂટ આપે છે. તમે તેનો દેખાવ બદલી શકો છો અને સોફ્ટવેરનો અહેસાસ કરી શકો છો, "સ્માર્ટ ફોલ્ડર્સ" સુવિધા તમને તમારા ઈન્બોક્સ, સેન્ટ કે આર્કાઈવ ફોલ્ડર જેવા સ્પેશયલ ફોલ્ડર્સને એક કરીને એકથી વધુ ઈમેઈલ એકાઉન્ટનું સંચાલન કરવામાં મદદ કરે છે. આ રીતે તમે એક ઈન્બોક્સ ફોલ્ડરમાં તમારા તમામ ઈન્કમિંગ ઈમેઈલ જોઈ શકો છો.
4. તમારા ઈમેઈલની સિક્યોરિટી અને સંરક્ષણ - થન્ડરબર્ડ જંક મેઈલ ટૂલ્સ ધરાવે છે, જેને સ્પામથી આગળ રાખવા અત્યાધુનિક કરાયું છે. થન્ડરબર્ડ યુઝરને પ્રાઈવસી અને રિમોટ ઈમેજ પ્રોટેક્શન માટે સપોર્ટ ઓફર કરે છે. યુઝરની પ્રાઈવસી સુનિશ્ચિત કરવા થન્ડરબર્ડ ઓટોમેટિક ઈમેઈલ મેસેજમાં રિમોટ ઈમેજીસ બ્લોક કરી દે છે. થન્ડરબર્ડ તમને ઈમેઈલ ગોટાળાઓથી બચાવે છે, જેમાં યુઝર્સને લલચાવવાનો પ્રયાસ કરતો મેસેજ કરવામાં આવે છે ત્યારે યુઝર્સ અજાણતા વ્યક્તિગત અને વિશ્વસનિય માહિતી સુપરત કરી દે છે. આ પ્રકારના મેસેજમાં તમને અન્ય વેબસાઈટ પર લઈ જતી યુઆરએલ લિન્ક પર ક્લિક કરો ત્યારે થન્ડરબર્ડ તમને ચેતવણી આપે છે. આ રીતે થન્ડરબર્ડ દ્વિસ્તરીય સંરક્ષણ પૂરું પાડે છે.

## B.3. પિડગિન (યુનિવર્સલ ચેટ ક્લાયન્ટ)નું ગુજરાતી વર્ઝન:

પિડગિન ઉપયોગમાં કરવામાં સરળ અને ફ્રી ચેટ ક્લાયન્ટ છે, જેને દુનિયાભરમાં લાખો લોકો ઉપયોગ કરે છે. કોઈ પણ યુઝર એઆઈએમ, એમએસએન, યાહૂ અને વધુ ચેટ નેટવર્ક્સ સાથે એકસાથે જોડાઈ શકે છે. સપોર્ટ કરનાર ચેટ નેટવર્ક્સમાં એઆઈએમ, બોન્જોર, ગડુ-ગડુ, ગૂગલટોક, ગ્રુપવાઈસ, આઈસીક્યુ, આઈઆરસી, એમએસએન, એમએક્ઝિટ, માયસ્પેસઆઈએમ, એસઆઈએલસી, સિમ્પલ, સેમટાઈમ, એક્સએમપીપી, યાહૂ! અને ઝેફાયર સામેલ છે.

પિડગિન ચેટ પ્રોગ્રામ છે, જે તમને એકસાથે એકથી વધુ ચેટ નેટવર્ક્સ પર એકાઉન્ટ્સમાં લોગ ઓન થવાની છૂટ આપે છે. તેનો અર્થ એ થયો કે તમે એકસાથે એમએસએન, ગૂગલટોક અને યાહૂમાં એક સાથે અનેક મિત્રો સાથે ચેટ કરી શકો છો.




## C. અન્ય યુટિલિટઝ:

આ ચાર સોફ્ટવેર - એકાઉન્ટ સિસ્ટમ ગ્નૂકેશ, ગ્રાફિક ડિઝાઈન સોફ્ટવેર - ઈન્કસ્કેપ, બાળકો માટે ડ્રોઈંગ સોફ્ટવેર - ટક્સપેઈન્ટ અને કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ - જૂમ્લાનો સેટ છે. યુઝર આ ચાર સોફ્ટવેરમાંથી પસંદગી કરી શકે છે, જેને મશીન પર ઈન્સ્ટોલ કરવું જોઈએ.

## C.1. ગ્નૂકેશ (એકાઉન્ટિંગ સોફ્ટવેર)નું ગુજરાતી વર્ઝન

ગ્નૂકેશ અંગત અને નાના વ્યવસાય માટે ફાઈનાન્શિયલ-એકાઉન્ટિંગ સોફ્ટવેર છે, જેનું લાઈસન્સ જીએનયુ જીપીએલ હેઠળ ફ્રી છે અને લિનક્સ અને માઈક્રોસોફ્ટ વિન્ડોઝ માટે ઉપલબ્ધ છે.

તેનો ઉપયોગ કરવામાં સરળતા રહે તેવી રીતે રીતે ડિઝાઇન બનાવવામાં આવી છે, તેમ છતાં મજબૂત અને અનુકૂળ છે. ગ્નૂકેશ તમને બેન્ક એકાઉન્ટ્સ, સ્ટોક્સ, આવક અને ખર્ચ પર નજર રાખવાની છૂટ આપે છે. ચેકબુક રજિસ્ટર તરીકે ઉપયોગ કરવા ઝડપી અને સાહજિક હોવાથી હિસાબોનું સંતુલિત તારણ અને સચોટ રિપોર્ટ્સ મેળવવા વ્યાવસાયિક એકાઉન્ટિંગ સિદ્ધાંતો પર આધારિત છે.




- મુખ્ય સુવિધાઓ
- ડબલ-એન્ટ્રી એકાઉન્ટિંગ,
- સ્ટોક/બોન્ડ/મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટ્સ,
- નાના વ્યવસાયના હિસાબો, રિપોર્ટ્સ,
- ગ્રાફ્સ,
- ક્યુઆઈએફ/ઓએફએક્સ/એચબીસીઆઇ ઇમ્પોર્ટ,

- ટ્રાન્સઝેક્શન મેચિંગ, (નાણાકીય વ્યવહારોની સરખામણી),
- શીડ્યુલ્ડ ટ્રાન્ઝેક્શન્સ (આયોજિત નાણાકીય વ્યવહારો), અને
- નાણાકીય ગણતરીઓ.

## C.2. ઈન્કસ્કેપ (ગ્રાફિક ડિઝાઈન સોફ્ટવેર)નું ગુજરાતી વર્ઝન

ઈન્કસ્કેપ ઓપન સોર્સ વેક્ટર ગ્રાફિક્સ એડિટર છે, જે ઈલુસ્ટ્રેટર, કોરલડ્રો, અથવા ઝેરા એક્સ જેટલું જ સક્ષમ છે અને તેમાં ડબલ્યુ3સી સ્ટાન્ડર્ડ સ્કેલેબલ વેક્ટર ગ્રાફિક્સ (એસવીજી) ફાઈલ ફોર્મેટનો ઉપયોગ થાય છે.

ઈન્કસ્કેપ અનેક અત્યાધુનિક એસવીજી સુવિધા (માર્કર્સ, ક્લોન્સ, આલ્ફા બ્લેન્ડિંગ વગેરે)ને સપોર્ટ કરે છે અને કાર્યક્ષમ ઈન્ટરફેસ ડિઝાઈન કરવા ખૂબ મહેનત કરવામાં આવી છે. નોડ્સ એડિટ કરવા, જટિલ પાથ ઓપરેશન્સ કરવા, બિટમેપ્સ ટ્રેસ કરવા અને અન્ય અનેક કામગીરી પાર પાડવામાં સરળ છે.



## C.3. ટક્સપેઈન્ટ (બાળકો માટે ડ્રોઈંગ સોફ્ટવેર)નું ગુજરાતી વર્ઝન

ટક્સ પેઈન્ટ 3 થી 12 વર્ષની વયના બાળકો માટે ફ્રી, એવોર્ડવિજેતા ડ્રોઈંગ પ્રોગ્રામ છે. તેનો ઉપયોગ દુનિયાભરની શાળાઓમાં કમ્પ્યુટર લિટરસી ડ્રોઈંગ એક્ટિવિટી તરીકે થાય છે. તેમાં ઈન્ટરફેસનો સરળ ઉપયોગ, મનોરંજક સાઉન્ડ ઈફેક્ટ્સ અને પ્રોત્સાહક કાર્ટૂન મેસ્કોટનો સમન્વય છે, જે બાળકોને માર્ગદર્શન આપે છે, કારણ કે બાળકો જ આ પ્રોગ્રામનો ઉપયોગ કરે છે. બાળકોમાં સર્જનાત્મકતા ખીલવવા કોરું કેન્વાસ અને વિવિધ પ્રકારના ડ્રોઈંગ ટૂલ્સ રજૂ કરવામાં આવે છે.




## C.4. જૂમ્લા (કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ)નું ગુજરાતી વર્ઝન

જૂમ્લા લોકપ્રિય કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (સીએમએસ) છે, જે તમને વેબસાઈટ્સ અને મજબૂત ઓનલાઈન એપ્લિકેશન્સ બનાવવામાં સક્ષમ કરે છે. ઉપયોગ કરવામાં સરળ અને લંબાવી શકવાની ક્ષમતા સહિત અનેક પાસાં જૂમ્લાને સૌથી લોકપ્રિય વેબસાઈટ સોફ્ટવેર બનાવે છે. તેમાં સૌથી શ્રેષ્ઠ બાબત એ છે કે જૂમ્લા ઓપન સોર્સ સોલ્યુશન છે, જે દરેક માટે કોઈ પણ પ્રકારના ચાર્જ વિના ઉપલબ્ધ છે.

## કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (સીએમએસ) એટલે શું?

કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ સોફ્ટવેર છે, જે સ્થાનિક પુસ્તકાલયની પુસ્તકો પર નજર રાખવાની અને સંગ્રહ રાખવાની કામગીરી જેમ તમારી વેબસાઈટ પર કન્ટેન્ટના દરેક પીસ પર નજર રાખે છે. કન્ટેન્ટ સરળ ટેક્સ્ટ, ફોટો, મ્યુઝિક, વીડિયો, ડોક્યુમેન્ટ્સ, અથવા ફક્ત તમે જે વિચારી શકો તે કંઈ પણ હોઈ શકે છે. સીએમએસના ઉપયોગનો મુખ્ય ફાયદો એ છે કે તેમાં કોઈ ટેકનિકલ કુશળતા કે તેને મેનેજ કરવાની માહિતીની જરૂરી નથી. સીએમએસ તમારી તમામ કન્ટેન્ટનું વ્યવસ્થાપન કરતી હોવાથી તમને આ જવાબદારીમાંથી મુક્તિ મળે છે.




દુનિયાભરમાં તમામ આકાર અને કદની વેબસાઈટ્સને બનાવવા જૂમ્લાનો ઉપયોગ થાય છે. દાખલા તરીકે:

- કોર્પોરેટ વેબસાઈટ્સ કે પોર્ટલ્સ
- કોર્પોરેટ ઈન્ટરનેટ્સ અને એક્સ્ટ્રાનેટ્સ

- ઓનલાઈન મેગેઝિન્સ, ન્યૂસપેપર્સ અને પબ્લિકેશન્સ
- ઈ-કોમર્સ અને ઓનલાઈન રિઝર્વેશન્સ
- સરકારી એપ્લિકેશન્સ
- નાના વ્યવસાય માટેની વેબસાઈટ્સ
- બિનનફાકારક અને સંસ્થાકીય વેબસાઈટ્સ
- કમ્યુનિટી આધારિત પોર્ટલ્સ
- શાળા અને ચર્ચની વેબસાઈટ્સ
- અંગત કે પારિવારિક હોમપેજીસ

## 4.વિશેષ વાંચન અને મદદ

કોઈ વધુ વિગત મેળવવા તમે તમામ ચાલુ દિવસે (શનિવાર, રવિવાર અને અન્ય જાહેર કે ઘોષિત રજાને બાદ કરતા) સવારે 10.00થી બપોરના 1.00 અને બપોરે 2.00થી બપોરે 5.00 દરમિયાન અમારા ટોલ-ફ્રી નંબર 1800 209 1015 પર ફોન કરી શકો છો.

તમને આ લેંગ્વેજ સીડી સંબંધિત કોઈ પ્રશ્ન હોય તો તેનો ઉકેલ મેળવવા તમે info@ildc.in પર ઈમેઈલ કરી શકો છો.

વિવિધ ભારતીય ભાષા માટે સીડી માટે વિનંતી કરવા અને પોર્ટલ પર તમારું રજિસ્ટ્રેશન કરાવવા તમે http://www.ildc.in કે http://www.ildc.gov.in ની મુલાકાત લઈ શકો છો. તમે આ સોફ્ટવેર વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકો છો.

આ ફ્રી અને ઓપન સોર્સ સોફ્ટવેર્સ અને સામાન્ય સમજણ માટે વધુ માહિતી મેળવવા તમે નીચેની વેબસાઈટ્સની મુલાકાત લઈ શકો છો.

1. http://tdil.mit.gov.in
2. http://www.cdac.in
3. http://www.unicode.org
4. http://www.libreoffice.org/
5. http://www.mozilla.org/en-US/firefox

6. http://www.mozilla.org/thunderbird/
7. http://www.pidgin.im/
8. http://www.gnucash.org/
9. http://www.inkscape.org
10. http://tuxpaint.org
11. http://www.joomla.org

## USER MANUAL FOR GUJURATHI LANGUAGE CD

**[Note: - This manual is compiled with the help of information available on various sources listed at the end of this manual. This is aimed to be a helping hand for starting purposes only and not as a comprehensive manual]**

**Table Of Contents:**

I. Introduction to the Language CD Contents.
II. System Requirements.
III. How to – Install the softwares in the Language CD.
IV. Brief Description of the softwares in the Language CD.
V. Further Reading and Help.

### I. Introduction to the Language CD Contents.

GUJURATHI CD is a set of various softwares which enables you to do various tasks in Indian Languages. For the sake of convenience of the users the softwares in the CD are divided into three categories.
1) Tools for Desktop users 2) Tools for Internet Users and 3) Utilities.
Tools for Desktop usage contain basic tools required by the user for creating contents in HINDI language. Software for day to day office uses or documentation purposes called Libre Office.

Tools for Internet Users include the set of softwares which can be used by users who have access to internet and are aware of some basic things about internet usage. This set of softwares includes Local language open source Web browser called "Mozilla Firefox", software for sending and receiving emails (email client) called "Mozilla Thunderbird" , and software for chatting with others over internet called "PIDGIN".

Other Utilities include Accounting Software called GNUCash, a graphics design software called INKSCAPE, Drawing software for children called TUXPAINT, and content management system called Joomla.

Following tasks can be accomplished using the softwares given in the Language software CD.

1. Create data/ contents in GUJURATHI language by using any application such as Libre Office, Notepad, MS Office or any other Unicode compatible applications.
2. Send Emails in GUJURATHI language.
3. Chat with others over internet in GUJURATHI language.
4. You can browse various websites and do any other internet related activity by using the web browser.
5. Maintain accounting information for individuals, small-scale industries/ organizations.
6. Design and create all kinds of graphics.

7. Children can use the software for creating some funny pictures and drawings.
8. You can create simple to very powerful websites, web portals in Indian languages.

## II. System Requirements.

**Following is the operating system supported by the softwares given in the language CD.**

- P4 2.0 GHz Processor
- 512 MB RAM
- 3 GB HDD Free Space
- CD ROM Drive
- Ubuntu 11.04 (32-Bit)

## III. How to – Install the softwares in the Language CD.

1. Please insert the CD in the CD ROM Drive and Explore CD contents, and double click on Index.htm.
2. A Screen similar to this appears on your computer.




3. Click on Proceed button to continue. Following screen appears:



4. User may like to read system requirements by clicking વિગતો/DETAILS Button.
5. Click 'ડાઉનલોડ/DOWNLOADø' button to download installer file
6. Go to download's location and extract the file.
7. Go to extracted directory and run 'start.sh' in terminal. (Execute start.sh with user permissions and provide super-user credentials only when installer asks for).




8. A menu will be displayed. Proceed installation by selecting among Desktop Tools, Internet Tools and/or Utilities.




**NOTE: Installer may require an internet connection if it does not meet base dependencies.**

Integrated Installer is tweaked for Ubuntu Linux, whereas Individual Installation should be preferred while installing tools on debian linux, boss or linux mint debian edition.

## INDIVIDUAL INSTALLATION & CONFIGURATION

## FONTS

This category introduces C-DAC (GIST) fonts (confined to license terms of C-DAC GIST) for better rendering. To install fonts untar GIST-Fonts.tar.gz and run install.sh file in terminal.

## DESKTOP TOOLS

This category contains LibreOffice with Language Support. To install LibreOffice untar compressed file and run install.sh file in terminal. User can invoke LibreOffice through Applications > Office.

To enable Language Pack invoke LibreOffice and, navigate to Tools > Options > Language Settings > Languages > User Interface and, select newly installed language and restart LibreOffice.

## INTERNET TOOLS

This category has Internet Browser: Mozilla Firefox, Email Client: Mozilla Thunderbird with Calender Plugin and Chatting Messenger: Pidgin.

To install mozilla tools untar compressed file and run firefox or thunderbird, actually no installation is required as such. Mozilla Firefox and Thunderbird are getting installed at /home/$USER/Internet-Tools. Further, user can install Lightning Plugin: /home/$USER/Internet-Tools/lightning-1.7-sm+tb.xpi through manage add-ons in thunderbird.

Pidgin follows untar and running install.sh steps. Pidgin Desktop shortcut can be used to invoke Pidgin, which can only be removed if get uninstalled using uninstaller script.

## UTILITIES

This category provides Accounting Software: GnuCash, Imaging

Software: Inkscape, Drawing Software: Tuxpaint and Web Application CMS: Joomla with lampp server. All the tools follow untar and running install.sh steps.
GnuCash, Inkscape and Tuxpaint Desktop shortcut can be used to invoke GnuCash, Inkscape and Tuxpaint respectively, which can only be removed if get uninstalled using uninstaller script.

**Joomla Installation Instructions:**

**1.Navigate to Joomla Directory and issue command...**

$ ./install.sh
This will install lampp server at /opt/lampp.
To start, stop, check status, restart and help; user can issue:
$ sudo /opt/lampp/lampp start
$ sudo /opt/lampp/lampp stop
$ sudo /opt/lampp/lampp restart
$ sudo /opt/lampp/lampp help

**2. Install Joomla**

Point your browser to http://localhost/joomla and follow onscreen instruction to Install Joomla.

**3.Install Joomla Language Pack...**

After completion of Joomla Installation, login administrator panel.
And to install Language Pack navigate to Extensions as well as, Provide following value in 'Install from Directory'...

/opt/lampp/htdocs/joomla/tmp

This will install Language Pack for Joomla.

To enable language pack navigate to Extensions > Language Manager and, Select newly installed language as default.

To disable on-screen warnings/errors

Comment line 'error_reporting = E_ALL | E_STRICT' in /opt/lampp/etc/php.ini file and restart lampp Server.

## IV. Brief Description of the softwares in the Language CD:

### A. Tools for Desktop usage:

This setup will install three softwares on your computer machine. Viz. "Unicode Typing Tool", "Localised version of Libre Office" and "Two open font format fonts per language" along with Single SakalBharati font totalling 53 fonts.
This setup will install localised version of Libre Office.

### GUJURATHI VERSION OF LIBRE OFFICE (OFFICE SOFTWARE)

Libre office is a Free and open source office software like any other commercially available office softwares. It has components for Word

Processing (WRITER), Spreadsheet Application (CALC), Presentation software (IMPRESS), Database application (BASE), Drawing software (DRAW),and Application for creating mathematical formulae (MATH).

The advantages of why one should use or switch to Libre office are as follows:

1. The entire menus, Messages and other GUI components are available in Indian languages.
2. User can export the files as .PDF with a single button click.
3. There is a large base of satisfied Libre Office users worldwide.
4. It's free – no worry about license costs or annual fees.
5. It is available in different languages including Indian languages.
6. You can use it, customize it, hack it and copy it without any worries. It is distributed under LGPL public license.
7. Simple-to-use yet powerful interface that is easy to personalize
8. Compatible with all major competitors' file formats. You can easily import files from Microsoft Word, Excel and PowerPoint and many other formats, and can easily save to Microsoft Office and other formats when needed.




## What does Libre Office give you?

Writer is the word processor inside LibreOffice. Use it for everything, from dashing off a quick letter to producing an entire book with tables of contents, embedded illustrations, bibliographies and diagrams. The while-you-type auto-completion, auto-formatting and automatic spelling checking make difficult tasks easy (but are easy to disable if you prefer). Writer is powerful enough to tackle desktop publishing tasks such as creating multi-column newsletters and brochures. The only limit is your imagination.




Calc tames your numbers and helps with difficult decisions when you're weighing the alternatives. Analyze your data with Calc and then use it to present your final output. Charts and analysis tools help bring transparency to your conclusions. A fully-integrated help system makes easier work of entering complex formulas. Add data from external databases such as SQL or Oracle, then sort and filter them to produce statistical analyses. Use the graphing functions to display large number of 2D and 3D graphics from 13 categories, including line, area, bar, pie, X-Y, and net – with the dozens of variations available, you're sure to find one that suits your project.




Impress is the fastest and easiest way to create effective multimedia presentations. Stunning animation and sensational special effects help you convince your audience. Create presentations that look even more professional than the standard presentations you commonly see at work. Get your collegues' and bosses' attention by creating something a little bit different.



Draw lets you build diagrams and sketches from scratch. A picture is worth a thousand words, so why not try something simple with box and line diagrams? Or else go further and easily build dynamic 3D illustrations and special effects. It's as simple or as powerful as you want it to be.



Base is the database front-end of the LibreOffice suite. With Base, you can seamlessly integrate your existing database structures into the other components of LibreOffice, or create an interface to use and administer your data as a stand-alone application. You can use imported and linked tables and queries from MySQL, PostgreSQL or Microsoft Access and many other data sources, or design your own with Base, to build powerful front-ends with sophisticated forms, reports and views. Support is built-in or easily addable for a very wide range of database products, notably the standardly-provided HSQL, MySQL, Adabas D, Microsoft Access and PostgreSQL.

Math is a simple equation editor that lets you lay-out and display your mathematical, chemical, electrical or scientific equations quickly in standard written notation. Even the most-complex calculations can be understandable when displayed correctly $E=mc^2$

LibreOffice also comes configured with a PDF file creator, meaning you can distribute documents that you're sure can be opened and read by users of almost any computing device or operating system.

## B.Tools for Internet Usage

This setup will install three softwares on your computer machine. Viz. Mozilla Firefox web browser, Mozilla Thunderbird email client and PIDGIN, Mutiprotocol Messenger.

### B.1 GUJURATHI VERSION OF FIREFOX (WEB BROWSER)

Mozilla firefox is a very powerful open source web browser. Since it is a web browser, it can solve all your problems just like other web browsers like Internet Explorer. It is a software which enable users to access, retrieve and view documents and other resources on the Internet. We have given localized version of firefox. User can switch between English and GUJURATHI Language using Quick Locale Switcher which is present as a Plugin in Firefox.




## B. 2. GUJURATHI VERSION OF THUNDERBIRD WITH LIGHTENING PLUGIN (EMAIL CLIENT)

Thunderbird is a free email application that's easy to set up and customize and it's also loaded with great features.

1. Easier to get started –It is very easy for someone to install this software and start using it for sending and receiving emails.
2 Tabs and search features - Tabbed email lets you load emails in separate tabs so you can quickly jump between them. You can also search the Web without having to leave Thunderbird application.




3 Customization of your email choices- Thousands of Add On's give you the freedom to make Thunderbird your own. You can change the look and feel of the software, "Smart Folders" feature help you manage multiple email accounts by combining special folders like your Inbox, Sent, or Archive folder. Instead of going to the Inbox for each of your mail accounts, you can see all of your incoming email in one Inbox folder

4 Security and protection to your email- Thunderbird has junk mail tools which have been updated to stay ahead of spam. Thunderbird offers support for user privacy and remote image protection. To ensure a user's privacy, Thunderbird automatically blocks remote images in email

messages.Thunderbird protects you from email scams which try to trick users into handing over personal and confidential information by indicating when a message is a potential phishing attempt. As a second line of defense, Thunderbird warns you when you click on a link which appears to be taking you to a different Web site than the one indicated by the URL in the message.

## B.3 GUJURATHI VERSION OF PIDGIN (UNIVERSAL CHAT CLIENT):

Pidgin is an easy to use and free chat client used lot of people across the world. one can connect to AIM, MSN, Yahoo, and more chat networks all at once. Supported chat networks include AIM, Bonjour ,Gadu-Gadu, GoogleTalk,Groupwise,ICQ,IRC,MSN,MXit,MySpaceIM,SILC,SIMPLE,Sametime,XMPP,Yahoo! and Zephyr.

Pidgin is a chat program which lets you log in to accounts on multiple chat networks simultaneously. This means that you can be chatting with friends on MSN, talking to a friend on Google Talk, and sitting in a Yahoo chat room all at the same time




## C. Utilities:

This is a set of four softwares viz. Accounting system - GNU Cash, Graphics Design Software- InkScape, Drawing Software for Children- TuxPaint, and Content Management System- Joomla. User can select the softwares from these four which should be installed on the machine.

### C.1. GUJURATHI VERSION OF GNU CASH (ACCOUNTING SOFTWARE)

GnuCash is personal and small-business financial-accounting software, freely licensed under the GNU GPL and available for Linux and Microsoft Windows.

It is designed to be easy to use, yet powerful and flexible, GnuCash allows you to track bank accounts, stocks, income and expenses. As quick and intuitive to use as a checkbook register, it is based on professional accounting principles to ensure balanced books and accurate reports.




- Feature Highlights
- Double-Entry Accounting,
- Stock/Bond/Mutual Fund Accounts,
- Small-Business Accounting, Reports,
- Graphs,
- QIF/OFX/HBCI Import,
- Transaction Matching,
- Scheduled Transactions, and
- Financial Calculations.

## C.2. GUJURATHI VERSION OF INKSCAPE (GRAPHIC DESIGN SOFTWARE)

Inkscape is an Open Source vector graphics editor, with capabilities similar to Illustrator, CorelDraw, or Xara X, using the W3C standard Scalable Vector Graphics (SVG) file format.

Inkscape supports many advanced SVG features (markers, clones, alpha blending, etc.) and great care is taken in designing a streamlined interface. It is very easy to edit nodes, perform complex path operations, trace bitmaps and much more.




## C.3. GUJURATHI VERSION OF TUXPAINT (DRAWING SOFTWARE FOR CHILDREN)

Tux Paint is a free, award-winning drawing program for children ages3 to

12 .Tux Paint is used in schools around the world as a computer literacy drawing activity. It combines an easy-to-use interface, fun sound effects, and an encouraging cartoon mascot who guides children as they use the program. Kids are presented with a blank canvas and a variety of drawing tools to help them be creative.




## C.4. GUJURATHI VERSION OF JOOMLA (CONTENT MANAGEMENT SYSTEM)

Joomla is an popular content management system (CMS), which enables you to build Web sites and powerful online applications. Many aspects, including its ease-of-use and extensibility, have made Joomla the most

popular Web site software available. Best of all, Joomla is an open source solution that is freely available to everyone.

**What is content management system (CMS)?**

A content management system is software that keeps track of every piece of content on your Web site, much like your local public library keeps track of books and stores them. Content can be simple text, photos, music, video, documents, or just about anything you can think of. A major advantage of using a CMS is that it requires almost no technical skill or knowledge to manage. Since the CMS manages all your content, you don't have to.




Joomla is used all over the world to power Web sites of all shapes and

sizes. For example:

- Corporate Web sites or portals
- Corporate intranets and extranets
- Online magazines, newspapers, and publications
- E-commerce and online reservations
- Government applications
- Small business Web sites
- Non-profit and organizational Web sites
- Community-based portals
- School and church Web sites
- Personal or family homepages

## V. Further Reading and Help

For any further details, you can call us on our toll-free number 18002091015 during 10.00 AM to 1.00 PM and 2.00 PM to 5.00 PM on all working days (Except Saturday, Sunday and other Public and or Declared Holidays).

You can also write email to info@ildc.in for resolving the queries if any related to this language CD.

You may like to visit http://www.ildc.in or http://www.ildc.gov.in for registering yourself on the portal and requesting for the CDs for various Indian languages. You can also download these softwares from the website.

Following are the websites from where you can get more information about these free and open source softwares and for general understanding.

1. http://tdil.mit.gov.in
2. http://www.cdac.in
3. http://www.unicode.org
4. http://www.libreoffice.org/
5. http://www.mozilla.org/en-US/firefox
6. http://www.mozilla.org/thunderbird/
7. http://www.pidgin.im/
8. http://www.gnucash.org/
9. http://www.inkscape.org
10. http://tuxpaint.org
11. http://www.joomla.org

**FOR SUPPORT/ HELP**

1) Call : 1800-209-1015, Email: info@ildc.in

2) Visit http://www.ildc.gov.in or www.ildc.in for Downloads and more information.


सी डैक CDAC Gist

**Centre for Development of Advanced Computing**

A Scientific Society of Ministry of Communications and Information Technology, Government of India

GIST Group, 7th floor, NSG IT Park, ITI Road, Aundh, Pune - 411 007

Tel:+91-20-25503300, 25503469,Fax:+91-20-25883194

Email : info.gist@cdac.in, http://pune.cdac.in/html/gist/